# શેરબજારના વેપારીના ઘરમાં ૩.૮૩ લાખની ચોરી

## પરિવાર જોધપુર ફરવા માટે ગયો હતો, ત્યારે તસ્કરોએ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના લઈ પલાયન થઈ ગયા,

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૨ ડી માં રહેતા શેરબજારના વેપારીના ઘર પર ત્રાટકી તસ્કરોએ રૂ.૩.૮૩ લાખની ચોરીને અંજામ આપ્યો છે. રાજસ્થાન જોધપુર પરિવાર ફરવા માટે ગયો હતો. તે સમયે તસ્કરોએ બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના ચોરી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ ડી પ્લોટ નં.૧૧૩૨-૨ ખાતે રહેતા પરિમલ પિયુષકુમાર રામી સેકટર-૧૧ સુમનસીટી ખાતે જે.કે.રામી ઈન્વેસ્ટમેન્ટમાં શેરબજારનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે ગત તા.૧૨ ઓગસ્ટના રોજ બપોરના ત્રણ વાગે ઘરના સભ્યો સાથે જોધપુર રાજસ્થાન ખાતે ફરવા માટે જવાનું હોવાથી ઘરને લોક મારી ગયા હતા. રાજસ્થાનથી પરત ફરીને ઘરના મુખ્ય દરવાજાનું લોક ખોલી અંદર પ્રવેશ કરતા બેડરૂમમાં રહેલી તિજોરીમાં રાખેલો સામાન બેડ ઉપર વેર વિખેર હાલતમાં પડ્યો હતો.જયારે રસોડાની બારીની ગ્રીલ તુટેલી હતી. જેથી શેરબજારના વેપારીને ઘરમાં ચોરી થઈ હોવાનું જણાતા બેડરૂમમાં રહેલી તિજોરીના લોકરમાં રાખેલા સોના-ચાંદીના દાગીના મુક્યા હતા.

તે ચોર શખ્સો લઈ રફુચક્કર થઈ ગયા હતા. વેપારીએ લોકરમાં રાખેલી સોનાની સાડા ત્રણ તોલાની બંગડી નંગ-૨, દોઢ તોલાનું સોનાનું મંગળસુત્ર, સોનાની પેન્ડલ બુટ્ટી સેટ અડધા તોલાનું, સોનાની એક તોલાની લકી, સોનાની અડધા તોલાની વીંટી નંગ-૨, ચાંદીની પગની સેરો,ચાંદીની લકી નંગ-૨,ચાંદીનો સિક્કો નંગ-૧, ચાંદીની મૂર્તિ નંગ-૧ ની ચોરી થઈ હતી. શેરબજારના વેપારી ફરવા માટે ગયા હતા. તે સયમે તસ્કરોએ ઘરમાં પ્રવેશી તિજોરીના લોકરમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૩.૮૩ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુ.સિટીએ વર્લ્ડ ઓર્ગન ડોનેશન ડે ઉજવ્યો



ગાંધીનગર, તા. ૧૭

અંગદાન કરવાથી કોઈનો જીવ કેવી રીતે બચાવી શકાય છે અને લોકોમાં અંગદાન અંગેની વધુ સારી સમજણ કેળવવાના મહત્ત્વ અંગે જાગૃતિ પેદા કરવા માટે ૧૩ ઑગસ્ટના રોજ વર્લ્ડ ઓર્ગન ડોનેશન ડે (વિશ્વ અંગદાન દિવસ)ની ઉજવણી કરવામાં આવે છે. લોકોને અંગદાન અંગે શિક્ષિત કરવા માટે સમગ્ર વિશ્વમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો અને જાગૃતિ અભિયાનોનું આયોજન કરવામાં આવે છે. આ સાથે જ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના હેલ્થ સાયન્સ વિભાગે કલોલ ખાતે એક જાગૃતિ રેલીનું આયોજન કરીને વર્લ્ડ ઓર્ગન ડોનેશન ડેની ઉજવણી કરી હતી, જેના બાદ જીઈદ્રજીઈ ઈન્ટરનેશનલના ડિરેક્ટર અને અલગ-અલગ પ્રકારની વિકલાંગતાઓના જાણીતા નિષ્ણાત શ્રી અખિલ પૉલનું આ વિષય પર એક માહિતીસભર સેશન યોજવામાં આવ્યું હતું. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ફેકલ્ટીના સભ્યો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને અંગદાન અંગે જાગૃતિ ફેલાવી હતી.

## અડાલજ ખાતે એકટીવા-બાઈક વચ્ચે અકસ્માતમાં વૃધ્ધનું મૃત્યું

ગાંધીનગર, તા.૧૭

અડાલજ સહજાનંદ કોમ્પલેક્ષની બાજુમાં બે રોડ વચ્ચે ના કટમાંથી સોસાયટીમાં જવાના માર્ગ પર બાઈક-એકટીવા વચ્ચે અકસ્માત સજાર્યો હતો. જેમાં બાઈક ચાલક યુવકને મોંઢાના ભાગે અને એકટીવા ચાલક વૃધ્ધને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન વૃધ્ધનું મૃત્યુ નિપજયું હતું.બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના ડભોડા ગામના વતની અને હાલ સેકટર-૧૩ ખાતે રહેતા જયેશ ઈશ્વરભાઈ પ્રજાપતિ ઈંટોના વેપાર કરે છે. ગત તા.૧૨ ઓગસ્ટના રોજ સાંજના સુમારે જયેશભાઈના ફોઈના દિકરા હર્ષદભાઈ આશાભાઈ પ્રજાપતિ એ ફોન કરી સમાચાર આપ્યા કે મારા સગા કાકા કાન્તિભાઈ લાલાભાઈ પ્રજાપતિ (ઉં.૬૮ રહે એ મકાન નં.૩૦૨, દેવનંદન પરિષદ-૧ ) સહજાનંદ કોમ્પ્લેક્ષ આગળ એકટીવા નં.જી.જે.૧૮.સી.પી.-૫૧૭૫ ચલાવી જઈ રહ્યા હતા તે સમયે બાઈક ચાલક યુવક સાથે અકસ્માત થયો હતો.

ફરીયાદ ગાડી લઈ અડાલજ જવા માટે નીકળ્યા હતા. પરંતુ ફોન આવતા તેઓ ગાંધીનગર સેકટર-૩ હાઈટેક હોસ્પિટલ પહોંચ્યા હતા. તે સમયે ફરીયાદીના કાકાને એમ્બ્યુલન્સમાં લઈને આવતા સારવાર માટે એડમીટ કર્યા હતા. તે સમયે તેમના માથામાંથી લોહી વહી રહ્યું હતું. જયારે બાઈક ચાલક છોકારાને પણ સારવાર માટે લાવ્યા હતા. જયારે અડાલજ ઠાકોરવાસ પુરીવાવ ખાતે રહેતો યુવક અડાલજ વાવ ચોકથી બાલાપીર જવાના માર્ગ પર બાઈક ચલાવી રહ્યો હતો તે સમયે એકટીવા ચાલક કાન્તિભાઈ લાલાભાઈ પ્રજાપતિના એકટીવા સાથે સહજાનંદ કોમ્પ્લેક્ષ ની બાજુમાં રોડના કટ પાસેથી સોસાયટીમાં જવાના માર્ગ પર બાઈક- એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સારવાર દરમિયાન એકટીવા ચાલક વૃધ્ધનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રભારી જીતુભાઈ પટેલ અને ગૌતમભાઈ ધનાવડીયાની હાજરીમાં સે. ૨૨, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ કારોબારીની બેઠક આજે બપોરે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો હાજર રહીને વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

## ડભોડા દાદુનગર તળાવની પાળે બેસી જુગાર રમતા ૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

શ્રાવણમાસના પ્રારંભે જ જુગારની મૌસમ શરુ થઈ હોય તેમ લાગી રહ્યું છે. જુગારની બદી દુર કરવા પોલીસ સતત કાર્યરત છે. ત્યારે ડભોડા દાદુનગર રોડ પર આવેલ તળાવની પાળે બેસી જુગાર રમતા ૬ જુગારીઓને ડભોડા પોલીસે દબોચી લીધા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૧૨,૫૦૦ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે ડભોડા દાદુનગર માર્ગ પર આવેલા તળાવની પાળે બેસી કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે રેઈડ પાડતા કેટલાક શખ્સો કુંડાળુ વળી જુગારની બાજી માંડીને બેઠા હતા. તમામ જુગારીઓને પોલીસે કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા. પોપેથલીસે જુગારીઓના નામ પુછતા વિરાજી મનુજી ઠાકોર, બાબુજી ગાંડાજી ઠાકોર, પુનમજી બાદરજી મકવાણા, કરણ નવઘણ લુહાર, નરેશકુમાર મનુજી ચૌહાણ, મહેશ મનુજી ઠાકોર તમામ વલાદ ગામના હોવાની ઓળખ આપી હતી. જયારે શખ્સોની અંગજડતી લેતા રૂ.૧૦,૮૨૦ અને દાવ પરથી ૧૭૦૦ મળી કુલ રૂ.૧૨,૫૨૦ નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ ચિલોડા પ્રખંડ તરફથી આજે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ની આવેદન આપવામાં આવ્યું કે પવિત્ર શ્રાવણ માસ શરૂ થઈ રહ્યો છે જેથી જાહેર જગ્યાએ કે મંદિરોની આગળ માસ મટન મચ્છી કે ઈંડાની લારીઓ ન ઉભી રહે તેઓ સખ્ત બંદોબસ્ત કરવા માટે રજૂઆત કરવામાં આવી.

## સેકટર-૩૦ સર્કલ પાસે ટાવરમાંથી ૨૧ બેટરીની ચોરી

ગાંધીનગર, તા.૧૭

શહેરના સેકટર-૩૦ સર્કલ ખાતે જંગલ ખાતાની ઝાડીમાં લગાવેલા ઈન્ડસ કંપનીના ટાવરની કેબીનમાંથી ચોર શખ્સે કેબીનનું પતરુ તોડી અંદર પ્રવેશી એકસાઈડ કંપનીની બેટરી નંગ-૨૧ કિ.રૂ.૨૧ હજારની ચોરી કરી પલાયન થઈ જતા ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા જીતેન્દ્ર પરનાલીયા બોપલ ખાતે આર.એસ.સિકયુરીટીમાં ફિલ્ડ ઓફિસર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કામ કરે છે. રાજયના કેટલાક જિલ્લામા આવેલા ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવર ઉભા કર્યા છે. આ ટાવરમાં નેટ વર્કિંગ માટે એરટેલ અને વોડાફોનની સામગ્રી ફીટ કરવામાં આવી છે. જયારે કંપની નેટવર્કિંગનું કામ કરે છે. ગત તા.૪ ઓગસ્ટના રોજ જીતેન્દ્રભાઈ નોકરી પર હાજર હતા તે સમયે તેમના ટેકનીશીયન ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું કે સેકટર-૩૦ સર્કલ પાસે ઝાડી વિસ્તારમાં કેબીનમાંથી પતરુ તોડીને અંદરથી એકસાઈડ કંપનીની ૨૧ બેટરી ૬૦૦ એ એચ પાવરની ચોરી થવા પામી છે. જેથી ટીમના સભ્યો સાથે તાત્કાલીક સ્થળ પર આવીને જોયુ તો બેટરીઓની ચોરી થઈ હતી. જેથી જીતેન્દ્રભાઈએ અજાણ્યા ચોર સામે બેટરી ચોરીની ફરીયાદ નોંધાઈ છે.

## પેથાપુરના બંધ મકાનમાંથી રૂપિયા૧.૧૩ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના પેથાપુર કસ્બામાં બંધ રહેણાંક મકાનને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. ઘરને તાળુ મારી મકાન માલિક હિંમતનગર ગયા હતા. તે સમયે ચોર શખ્સોએ રૂ.૧.૧૩ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ જતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ મકબુલશા ઉસ્માનશા ફકીર (રહે કસ્બા જીઈબી રોડ પેથાપુર) હાલમાં નિવૃત જીવન ગુજારી રહ્યા છે. ગત તા.૧૨ ના રોજ સવારે ૮ વાગ્યાના અરસામાં તેમની પત્ની સાથે હિંમતનગર રહેતા તેમના મોટાભાઈના ઘરે ગયા હતા અને ત્યાં રોકાયા હતા.

જયારે બે દિવસ પછી તેમના જમાઈએ ફોન કરીને કહ્યું કે ઘરનુ તાળુ તુટ્યું હોવાનું જણાવ્યું હતું.

જેથી તેઓ હિંમતનગરથી તાત્કાલીક પેથાપુર આવી પહોંચ્યા હતા. તેઓએ ઘરમાં તપાસ કરતા મુખ્ય દરવાજનો નકુચો તુટેલો જોવા મળ્યો હતો. ઘરમાં અંદરના રૂમમાં મુકવામાં આવેલી તિજોરી ખુલ્લી અને સામાન વેર-વિખેર હાલતમાં હતો.તિજોરીમાંથી રોકડા રૂ.૧.૧૦ લાખ અને અને સોનાની બુટ્ટી સહિત રૂ.૧.૧૩ લાખ મત્તાની ચોરી થવા પામી છે.

ઘરની આસપાસ રહેતા પાડોશીઓને પુછપરછ કરવામાં આવી હતી.

પરંતુ કોઈ વિગત મળી ન હતી.જયારે પેથાપુર પોલીસ મથકે ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ચિલોડા ગ્રામપંચાયત કચેરી ખાતે બાળકોએ કાંતિકારી વેશભૂષા ધારણ કરી સ્વતંત્ર દિનની ઉજવણી




ગાંધીનગર, તા.૧૭

ચિલોડા ગ્રામપંચાયત કચેરી ખાતે પ્રી પ્રાઈમરી સ્કૂલ ના ભૂલકાંઓએ ૭૭માં સ્વતંત્ર દિન નિમિત્તે દેશના આઝાદી ચળવળ ના કાંતિ કારી વીરોના વેશભૂષા ધારણ કરી સરસ ઉત્સાહ ભેર અને ઉમંગથી ભવ્ય ઉજવણી કરાઈ આ પ્રસંગે શિક્ષણ સંસ્થા ના કર્મચારી ગણ અને ચિલોડા ગ્રામપંચાયત ના સરપંચશ્રી જયમીન ભાઈ પટેલ અને ધર્મેન્દ્ર જી કે ઠાકોર એ બાળકો ને આવકાર્યા હતા.

## ચિલોડા વર્ષોથી બંધ પડી રહેલા પેટ્રોલ પંપ નજીકથી જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

મોટા ચિલોડા પાસે છેલ્લા કેટલાક વર્ષોથી બંધ પડી રહેલા પેટ્રોલ પંપ નજીક જુગારની બાજી માંડીને બેઠેલા ૬ શખ્સોને ચિલોડા પોલીસે પકડી પાડી રૂ.૧૧ હજારના મુદામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારીની ટીમ દારૂ જુગારની પ્રવિતેઓ પર અંકુશ મેળવવા માટે ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરી રહી હતી.તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે હિંમતનગર થી મોટા ચિલોડા તરફના સર્વિસ માર્ગ પર વર્ષોથી બંધ પડી રહેલા પેટ્રોલ પંપ પાસે ખુલ્લી જગ્યામાં લીમડાના વૃક્ષ નીચે જુગારીઓ બાજી માડીને બેઠા હતા. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા મહેશ ભુરાભાઈ દેવીપુજક,ચેતન ગોવિંદભાઈ મકવાણા, પ્રદિપ માલસિંહ ચૌહાણ, રોહિત મનુજી ચૌહાણ, રોહિત રાજુભાઈ ભોઈ, અને દિનેશ મેલાભાઈ ઘેનાણી હોવાનું જણાવ્યું હતું. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧ હજારનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ભારત દેશ ધર્મમાં શ્રધ્ધા, આસ્થા અને વિશ્વાસ ધરાવતો દેશ છે?. એમાં ય શ્રાવણ માસ ભક્તિ ભાવ થી ભરેલો માસ છે. રાયસણ ગુડા ૩૬૮ માં રહેતા સામાજિક મહીલા કાર્યકર અને બ્રહમ અગ્રણી સુશ્રી શર્મિષ્ઠાબેન મેહતા, ભાવનાબેન શુકલ તથા સોસાયટીની બહેનો દ્વારા ભેગા મળી કોઠા ગોર ની પૂજા અર્ચના કરવામાં આવી હતી. છેલ્લા દિવસે અન્નકૂટ નો ભોગ ધરાવવામાં આવ્યો હતો.

## આરાધના વિદ્યાવિહાર ખાતે ૭૭મા સ્વાતંત્ર દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

આઝાદીના અમૃત મહોત્સવના વર્ષના સંદર્ભે 'મેરી માટી, મેરા દેશ'ના અભિયાન દ્વારા 'માટીને નમન, દેશના વીરોને વંદન'ના વિવિધ કાર્યક્રમોની સમગ્ર દેશમાં ભવ્યતા ઉજવણી થઈ રહી છે ત્યારે ૧૫ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ આરાધના વિદ્યાવિહારમાં ભારતના મુખ્ય રાષ્ટ્રીય પર્વ તરીકે ૭૭મા સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી. જેમાં ધ્વજપ્રમુખ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૩ ના કોર્પોરેટર શ્રીમતી સોનાલીબેન પટેલના વરદહસ્તે ત્રિરંગા રાષ્ટ્રધ્વજને ફરકાવી સલામી આપવામાં આવી હતી. ધ્વજપ્રમુખે પોતાના વક્તવ્યમાં દેશ માટે શહીદ થનારા વીરોને યાદ કરી તેમના જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી રાષ્ટ્રપ્રેમનો સંદેશ આપ્યો. શાળાના ટ્રસ્ટી આશિષભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં દેશસેવાની સુંદર સમજ આપી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર મ.ન.પા.ના વોર્ડ નં.૩ના કોર્પોરેટર શ્રીમતી દિપીકાબેન સોલંકી, સામાજિક કાર્યકર સવજીભાઈ સોલંકી તથા સામાજિક કાર્યકર ઉરેનભાઈ પટેલની હાજરીએ ઉત્સાહ વધાર્યો હતો. માધ્યમિક વિભાગના આચાર્ય વિષ્ણુભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. શાળાના વ્યાયામ શિક્ષક ઉમેશકુમાર પ્રજાપતિએ ધ્વજરક્ષક તરીકે સમગ્ર ધ્વજવંદન વિધિની ઉત્તમ જવાબદારી નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈંગ્લિશ મીડિયમના શિક્ષિકા અંગીરાબેન દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે શાળાના ગુજરાતી અને અંગ્રેજી



ગુજરાતી-અંગ્રેજી મીડિયમના નર્સરી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ દેશભક્તિ ગીત, ડાન્સ તથા વક્તવ્ય દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું. શાળાના માધ્યમના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગ તથા બી.એડ. વિભાગના વિદ્યાર્થી ભાઈ-બહેનો, વાલીઓ, વરિષ્ઠ નાગરિકો, શિક્ષકગણ તથા વહિવટી સ્ટાફ હાજર રહી હર્ષોલ્લાસ સાથે ધ્વજવંદન કરીને દેશભક્તિની ભાવના વ્યક્ત કરી હતી.

### G-20 હેલ્થ વર્કિંગ ગ્રુપની બેઠકમાં પધારેલ

## એસબીસીસી સેન્ટર અને BILabના પ્રદર્શન સ્ટોલની ખૂબ જ ઉત્સુકતાથી મુલાકાત લેતા દેશ-વિદેશના મહેમાનો

ગાંધીનગર, તા. ૧૭

G-20 અંતર્ગત હેલ્થ વર્કિંગ ગ્રુપની બેઠકનો ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેથી પ્રારંભ થયેલ છે. જેમાં વિવિધ દેશોના આરોગ્ય મંત્રીશ્રી, ડેલીગેશન અને આરોગ્ય ક્ષેત્રની વૈશ્વિક નામાંકિત સંસ્થાઓના અગ્રણીઓ સહભાગી બન્યા છે.આ મહાનુભાવોએ એસબીસીસી સેન્ટર અને BILabના પ્રદર્શન સ્ટોલની ખૂબ જ ઉત્સુકતાથી મુલાકાત લઈ રસપૂર્વક જાણકારી મેળવી પ્રભાવિત થયા હતા.ગુજરાતમાં છેવાડાના વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓનો




વ્યાપ વધે અને સામાન્ય લોકો સુધી આરોગ્ય સુવિધા સરળતાથી પહોંચે તે હેતસર નેશનલ હેલ્થ મિશન, અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લાઓમાં સામાજિક વ્યવહાર પરિવર્તન ટીમની રચના કરવામાં આવી છે. સાથે લોકોની આરોગ્ય સેવા પ્રાપ્ત કરવા પ્રત્યેની વર્તણુંકોના અભ્યાસ કરવાની પ્રયોગશાળા (ગુજરાત બિહેવિયરલ ઈન્સાઈટ લેબ-BI Lab) SHSRC ખાતે કાર્યાન્વિત કરવાની નવતર પહેલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ જીમ્ઝઝટીમ દ્વારા ગામડાઓમાં આરોગ્યલક્ષી સમસ્યાઓને હલ કરવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. ગામડાઓમાં આરોગ્યલક્ષી સેવાઓ પ્રત્યેની ગેરમાન્યતા, અંધશ્રદ્ધાને દુર કરી લોકો આરોગ્ય સુવિધાનો લોકો લાભ લે તેવો પ્રયત્ન કરવામાં આવે છે અને તેમાં મળેલ સફળતાઓનો વિશદતા પૂર્ણ અભ્યાસ BILab થકી કરવામાં આવે છે.

## ડભોડાના યુવાનની દેશના વીર સૈનિકો પ્રત્યે અનોખી દેશભક્તિ જોવા મળી.

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ ડભોડા ગામના એક યુવાનની દેશના વીર સૈનિકો પ્રત્યેની અનોખી દેશભક્તિ જોવા મળી હતી. ડભોડા ના સુરભા ઠાકોર (દ્વારકેશ જ્વેલર્સ ડભોડા) એ પોતાના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરી હતી. કંથારપુરા ગામમાં દોઢ વર્ષ પૂર્વે આર્મીમાં શહીદ થયેલા વીર જવાનના પરિવારને રૂપિયા ૫૦ હજાર ની આર્થિક મદદ કરીને તેમના દુઃખમાં સહભાગી થયા હતા. જન્મદિવસની ઉજવણી આજના સમયમાં કોઈના દુઃખમાં સહભાગી થઈને કરવી એક અનોખી મિસાલ છે.